**ક્રિ.કેસ.નં.૧૩૬૦/'૧૪**

**આંક ૧ લગત હુકમ**

પુરસીસ વંચાણે લીધી તથા આ કેસના રેકર્ડનો અભ્યાસ કર્યો. આ કામમાં આરોપી વિરૂધ્ધ ધી ઈ.પી.કોડની કલમ ૩૭૯ ના ગુનાનું ચાર્જશીટ/ફરીયાદ રજુ થયેલ છે. આરોપીઓ હાજર નથી, પરંતુ ફરીયાદી હાજર છે અને તેઓ આ કેસ માંડવાળ કરવા માંગે છે અને આગળ ચલાવવા માંગતા નથી. આથી ક્રિ.પ્રો.કોડની કલમ ૩૨૦ ની જોગવાઈને તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના તા. ૫/૭/૧૬ ના સરકયુલર નં. સી.૨૬૧૯/૨૦૧૬ ને ઘ્યાનમાં લેતાં ફરીયાદીની કેસ માંડવાળ કરવાની પુરસીસ ગ્રાહય રાખી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુ ક મ**

આથી આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ ૩૨૦(૧)(૨)(૮) અન્વયે ધી ઈ.પી.કોડની કલમ ૩૭૯ ના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

મુદ્દામાલ અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

૧. આ કામનો મુદ્દામાલ અગાઉ કોર્ટના હુકમથી વચગાળાના સમય માટે ફરીયાદીને પરત સોંપવામાં આવેલ છે તે હુકમ કાયમ રાખવામાં આવે છે.

૨. આ કામમાં પોલીસે કબજે કરેલ મુદ્દામાલ ફરીયાદીને પરત આપવા હુકમ કરવામાં આવે છે.

૩. આ કામમાં પોલીસે કબજે કરેલ મુદ્દામાલ જો અગાઉ અદાલતના હુકમથી કોઈ વ્યકિતને પરત કરવામાં આવેલ હોય તો તે હુકમ કાયમ રાખવામાં આવે છે અને મુદ્દામાલ પરત કરવા અંગે અગાઉ કોઈ હુકમ કરવામાં આવેલ ન હોય તો મુદ્દામાલ વાહન તેની આર.સી.બુકની નકલ રજુ કર્યેથી ઓળખની ખાતરી કરીને તેના રજીસ્ટર્ડ ઓનરને પરત આપવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૨૨-૭-'૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં મારી સહી કરીને,વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.
તા. ૨૨/૭/૨૦૧૮

( બી. સી. ઠકકર )
એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નંબર ૧૮,અમદાવાદ.
જજ કોડ નં.જીજે૦૦૬૯૫